## મહિલા ટી-20 વર્લ્ડકપ: ઈંગ્લેન્ડે શ્રીલંકાને હરાવ્યું

બર્મિંઘમ, તા. 13 (એપી): શુક્રવારે એજબેસ્ટન ખાતે રમાયેલી મહિલા T-20 વર્લ્ડકપની મેચમાં યજમાન ઈંગ્લેન્ડે શ્રીલંકાને 87 'રન'થી હરાવીને શાનદાર શરૂઆત કરી છે. ઈંગ્લેન્ડે આ ટુર્નામેન્ટના ઈતિહાસનો સૌથી મોટો સ્કોર 1 વિકેટે 219 રન નોંધાવ્યો હતો, જેના જવાબમાં શ્રીલંકાની ટીમ 132 'રન' જ બનાવી શકી હતી. ઈંગ્લેન્ડની આ ઐતિહાસિક જીતની સ્ટાર ઓપનર ડેની વ્યાટ-હોજ રહી હતી, જેણે માત્ર 62 બોલમાં અણનમ 105 રન ફટકાર્યા હતા. આ તેની કારકિર્દીની ત્રીજી T-20 સદી હતી. તેણે એમી જોન્સ (53 રન) સાથે મળીને 135 રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી, જે ઈંગ્લેન્ડ માટે વર્લ્ડકપની સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી છે. કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટે પણ અણનમ 46 રન બનાવ્યા હતા આ સાથે જ તેણે ટી-20 વર્લ્ડકપમાં 784 રન બનાવી ઈંગ્લેન્ડ માટે કેપ્ટન તરીકે ટી-20 વર્લ્ડકપમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી બની હતી, આ પહેલા ભૂતપૂર્વ કેપ્ટન શાર્લોટ એડવર્ડે કુલ 768 રન બનાવ્યા હતા.

# ભારતનો અફઘાનિસ્તાન સામે 7 વિકેટે વિજય

**ગુરબાઝની** સદી બાદ અફઘાનિસ્તાને બનાવ્યા 194 રન

**ગિલે** કેપ્ટન ઈનિંગ રમી ભારતને સહેલાઈથી જીત અપાવી

**ડેબ્યુટન્ટ** ગુરનૂર અને હર્ષે 3-3 વિકેટ ઝડપી



ધર્મશાલા, તા. 14 (પીટીઆઈ): શનિવારે ધર્મશાલા ખાતે રમાયેલી વરસાદથી પ્રભાવિત પ્રથમ વનડે મેચમાં ભારતે અફઘાનિસ્તાનને સાત વિકેટે હરાવીને શ્રેણીમાં વિજયી શરૂઆત કરી છે. વરસાદના કારણે મેચ 25-25 ઓવરની કરવામાં આવી હતી.

અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતા રહેમાનુલ્લાહ ગુરબાઝના તોફાની 102 રનની મદદથી 194 રન બનાવ્યા હતા અને પૂરી ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ડેબ્યુ કરનાર ફાસ્ટ બોલર ગુરનૂર બ્રાર અને સ્પિનર હર્ષ દુબેએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપીને શાનદાર પ્રદર્શન કર્યું હતું.

195 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે 22.5 ઓવરમાં માત્ર ત્રણ વિકેટ ગુમાવીને જીત મેળવી લીધી હતી. કેપ્ટન શુભમન ગિલે શાનદાર ફોર્મ ચાલુ રાખતા 66 બોલમાં અણનમ 84 રનની કપ્તાની ઈનિંગ રમી હતી. તેણે રાશિદ ખાન અને મોહમ્મદ નબી જેવા સ્પિનર્સ સામે આક્રમક ચોગ્ગા-છગ્ગા ફટકાર્યા હતા.

આ પહેલાં, ઓપનર રોહિત શર્મા 16 રન બનાવીને રનઆઉટ થયો હતો. ઈશાન કિશને ત્રીજા ક્રમે બેટિંગ કરતા 34 રનનું યોગદાન આપ્યું હતું. અંતમાં કે એલ રાહુલે માત્ર 19 બોલમાં અણનમ 39 રનની તોફાની ઈનિંગ રમીને ગિલ સાથે મળીને ભારતને સરળ જીત અપાવી હતી.

| અફઘાનિસ્તાન | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ગુરબાઝ બો નીતિશ | 102 | 51 | 8 | 8 |
| ઝારદાન કો ગિલ બો ગુરનુર | 1 | 4 | 0 | 0 |
| સેદિકુલ્લાહ એલબી બો અર્શદીપ | 0 | 2 | 0 | 0 |
| રહમત શાહ કો દુબે બો અર્શદીપ | 3 | 8 | 0 | 0 |
| હસમતુલ્લાહ કો રાહુલ બો દુબે | 27 | 30 | 3 | 0 |
| અઝમતુલ્લાહ સ્ટ. ઈશાન બો દુબે | 26 | 16 | 0 | 3 |
| નબી કો અર્શદીપ બો નીતિશ | 9 | 14 | 0 | 1 |
| રાશિદ બો ગુરનુર | 9 | 13 | 2 | 0 |
| ઘઝનફર કો ગિલ બો દુબે | 0 | 2 | 0 | 0 |
| ઝિયાઉર કો અર્શદીપ બો ગુરનુર | 4 | 8 | 1 | 0 |
| મોહમ્મદ સલીમ અણનમ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 12 | | | |
| કુલ 24.5 ઓવરમાં 10 વિકેટે | 194 રન | | | |

**વિકેટ પતન:** 1-13, 2-16, 3-26, 4-142, 5-144, 6-172, 7-182, 8-182, 9-193, 10-194

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 5 | 0 | 27 | 2 |
| ગુરનુર બ્રાર | 4.5 | 0 | 27 | 3 |
| પ્રસિદ્ધ કૃષ્ણ | 5 | 0 | 35 | 0 |
| હર્ષ દુબે | 5 | 0 | 47 | 3 |
| વોશિંગ્ટન સુંદર | 1 | 0 | 19 | 0 |
| નીતિશ રેડ્ડી | 4 | 0 | 31 | 2 |

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રોહિત રન આઉટ | 16 | 16 | 2 | 1 |
| ગિલ અણનમ | 84 | 66 | 11 | 2 |
| ઈશાન બો રાશિદ | 34 | 22 | 3 | 1 |
| અય્યર કો સલીમ બો ઝિયાઉર | 12 | 15 | 1 | 0 |
| રાહુલ અણનમ | 39 | 19 | 4 | 3 |
| વધારાના | 10 | | | |
| કુલ 22.5 ઓવરમાં 3 વિકેટે | 195 રન | | | |

**વિકેટ પતન:** 1-46, 2-116, 3-142

| બોલિંગ : | O | M | R | W |
|---|---|---|---|---|
| અઝમતુલ્લાહ ઓમરઝઈ | 3 | 0 | 28 | 0 |
| ઝિયાઉર રહેમાન | 4 | 0 | 39 | 1 |
| ઘઝનફર | 5 | 0 | 8 | 0 |
| મોહમ્મદ સલીમ | 3.5 | 0 | 36 | 0 |
| રાશિદ ખાન | 5 | 0 | 37 | 1 |
| મોહમ્મદ નબી | 2 | 0 | 26 | 0 |

## પાકિસ્તાન સામે મજબૂત શરૂઆત કરવા ભારત તૈયાર

**મહિલા** ટી-20 વર્લ્ડકપમાં મજબૂત શરૂઆત માટે સ્મૃતિ અને શેફાલીએ સારી બેટિંગ કરવાની જરૂર

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયોહોટસ્ટાર પર સાંજે 7 વાગ્યાથી



બર્મિંઘમ, તા. 13 (પીટીઆઈ): રવિવારે રમાનારી ICC મહિલા T20 વર્લ્ડકપની મેચમાં સંતુલિત ભારતીય ટીમ પાકિસ્તાન સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ માટે ઓપનર્સ સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા સારી શરૂઆત અપાવે તે ખૂબ મહત્વનું છે, કારણ કે બંને ખેલાડીઓ છેલ્લા થોડા સમયથી મોટી ઇનિંગ્સ રમવામાં સંઘર્ષ કરી રહી છે.

પાકિસ્તાન સામે ભારતનો રેકોર્ડ ખૂબ જ શાનદાર રહ્યો છે. આ ફોર્મેટમાં બંને ટીમો વચ્ચે રમાયેલી મેચોમાં ભારત 13-3થી આગળ છે. ભારતીય મિડલ ઓર્ડરમાં કેપ્ટન હરમનપ્રીત ઉપરાંત જેમિમાહ રોડ્રિગ્સ, રિચા ઘોષ અને દીપ્તિ શર્મા પર રન બનાવવાની મોટી જવાબદારી રહેશે. જોકે છેલ્લે દ. આફ્રિકા અને ઈંગ્લેન્ડ સામે કેટલીક શાનદાર અડધી સદી ફટકારી હરમનપ્રીત ફોર્મમાં પરત ફરી છે જે ભારતીય ટીમ માટે સારા સંકેત છે. બીજી તરફ, પાકિસ્તાનની ટીમ તેની 24 વર્ષની કેપ્ટન ફાતિમા સના પર વધુ નિર્ભર રહેશે, જેણે તાજેતરમાં જ ઝિમ્બાબ્વે સામે માત્ર 15 બોલમાં સૌથી ઝડપી અર્ધસદી ફટકારી હતી. ભારતીય બોલિંગ લાઇન-અપ ઈજાગ્રસ્ત અમનજોત કૌર અને કાશવી ગૌતમ વગર મેદાનમાં ઉતરશે.

## IPLમાં વિદેશી ખેલાડીઓની ઉપલબ્ધતા મુદ્દે BCCI દખલગીરી કરશે નહીં

ધર્મશાલા, તા. 13 (પીટીઆઈ): તાજેતરમાં પૂરી થયેલી IPL સીઝન દરમિયાન ફ્રેન્ચાઈઝીઓ દ્વારા વિદેશી ખેલાડીઓની ઉપલબ્ધતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હોવા છતાં, BCCI ખેલાડીઓ અને ટીમ વચ્ચે મધ્યસ્થી કરવાની કોઈ યોજના ધરાવતું નથી.

BCCIનું માનવું છે કે આ વિષય ખેલાડી અને તેની ફ્રેન્ચાઈઝી વચ્ચેનો છે, કારણ કે તેઓ જ ખેલાડીઓના સંરક્ષક છે.

હાલમાં હરાજી બાદ ટુર્નામેન્ટમાંથી નામ પાછું ખેંચનાર વિદેશી ખેલાડીઓ પર બે વર્ષનો પ્રતિબંધ લાદવાનો કડક નિયમ અમલમાં છે, જે બોર્ડના મતે પૂરતો છે. મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ જેવા ખેલાડીઓ ઈજાને કારણે ટુર્નામેન્ટના પ્રથમ ભાગમાં ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ, રાજસ્થાન રોયલ્સનો સેમ કરન ઈજાનું કારણ આપીને આઈપીએલ છોડ્યા બાદ ઈંગ્લેન્ડમાં રમતા જોવા મળ્યો હતો જેના પર ટીમના કોચ કુમાર સંગાકારાએ નિરાશા વ્યક્ત કરી હતી.

# પરાગ્વે સામે 4-1થી વિજય મેળવી અમેરિકાની ધમાકેદાર શરૂઆત

**અમેરિકાની** વર્લ્ડકપમાં આ સૌથી મોટી જીત બાલોગુન પાસે રમવા માટે 3 દેશોનો વિકલ્પ હતો તેણે અમેરિકા પસંદ કર્યું અને ડેબ્યું મેચમાં બે ગોલ કર્યા

**મેચ** જોવા બિલ ગેટ્સ, લિયોનાર્ડો ડિકાપ્રિયો અને ડેવિડ બેકહામ જેવી હસ્તીઓ પણ હાજર હતી



ઈંગ્લેવુડ (યુએસએ), તા. 13 (એપી): અમેરિકાએ 32 વર્ષ પછી પોતાની ધરતી પર રમાઈ રહેલા ફૂટબોલ વર્લ્ડકપની ધમાકેદાર શરૂઆત કરી છે. શનિવારે લોસ એન્જલસના સોફી સ્ટેડિયમમાં 70,492 'ચાહકો'ની હાજરીમાં રમાયેલી મેચમાં અમેરિકાએ પરાગ્વેને 4-1થી હરાવ્યું હતું. વર્લ્ડકપના ઇતિહાસમાં અમેરિકાની આ સૌથી મોટી જીત છે, જેમાં પ્રથમ વખત ટીમે એક જ મેચમાં 4 'ગોલ' કર્યા છે.

મેચની શરૂઆતથી જ નવો કોચ મૌરિસિયો પોચેટિનોની સિસ્ટમમાં અમેરિકાએ આક્રમક રમત બતાવી હતી. મેચની 7મી મિનિટે ક્રિશ્ચિયન પુલિસિકના શાનદાર પાસને રોકવાના પ્રયાસમાં પરાગ્વેના મિડફિલ્ડર ડેમિયન બોબાડિલા તરફથી ઓન-ગોલ થતા અમેરિકાને 1-0ની લીડ મળી હતી. ત્યારબાદ 24 'વર્ષ' ના સ્ટ્રાઈકર ફોલારિન બાલોગુને મેચની 31મી મિનિટે અને પહેલા હાફના ઇન્જરી ટાઇમમાં શાનદાર ગોલ કરીને અમેરિકાને 3-0થી આગળ કરી દીધું હતું.

## ફીફા-વર્લ્ડકપ: ઈંગ્લેન્ડની ટીમના ટ્રેનિંગ સાધનો ચોરાઈ ગયા

**ખેલાડીઓના** બૂટ, ફૂટબોલ તેમજ મુખ્ય કોચના વ્યૂહાત્મક ટ્રેનિંગ ગેજેટ્સ ઉપરાંત કેટલાક સાધનો ચોરી થયા

કેન્સાસ સિટી, તા. 13 (પીટીઆઈ): ઈંગ્લેન્ડની ફૂટબોલ ટીમને વર્લ્ડકપમાં ક્રોએશિયા સામેની પ્રથમ મેચ પહેલાં આશ્ચર્યજનક આંચકો લાગ્યો છે. ટીમની ટ્રેનિંગ માટેના લગભગ તમામ સાધનોની ચોરી થઈ હોવાની માહિતી સામે આવી છે. તેમાં ખેલાડીઓના બૂટ, ફૂટબોલ તેમજ મુખ્ય કોચ થોમસ ટુખેલના વ્યૂહાત્મક ટ્રેનિંગ ગેજેટ્સ પણ સામેલ હોવાનું માનવામાં આવે છે. એક મીડિયા અહેવાલ મુજબ, કેન્સાસ સિટીમાં સ્થિત સ્વોપ સોકર વિલેજ ખાતે ટીમનું સામાન લઈ જતાં વાહનોમાં તોડફોડ કરીને ચોરી કરવામાં આવી હતી. હાલ ઈંગ્લેન્ડ ફૂટબોલ એસોસિયેશન કયા-કયા સાધનો ગુમ થયા છે તેની ચોક્કસ માહિતી એકત્ર કરી રહ્યું છે.

આ ઘટનાની તપાસ માટે સ્થાનિક પોલીસ અને એસોસિએશન સતત સંપર્કમાં છે. કેન્સાસ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું કે ટીમના વાહનમાંથી સાધનોની સંભવિત ચોરી અંગે તપાસ ચાલી રહી છે અને તપાસ હજુ ચાલુ છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ મામલે બે શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ પણ કરવામાં આવી છે.

# કેનેડા અને બોસ્નિયા વચ્ચેની મેચ 1-1થી ડ્રો થઈ

**લારિને** 78મી મિનિટે ગોલ કરીને કેનેડાને હારથી બચાવ્યું

**વર્લ્ડકપ** ઈતિહાસમાં કેનેડાનો આ પ્રથમ પોઈન્ટ છે



કેનેડાની ધરતી પર રમાયેલી આ પ્રથમ મેચ જોવા માટે સ્ટેડિયમમાં 43,000 ચાહકો હાજર રહ્યા હતા.

ટોરંટો, તા. 13 (એપી): શનિવારે ટોરોન્ટોમાં રમાયેલી ફૂટબોલ વર્લ્ડકપની પોતાની પ્રથમ મેચમાં કેનેડાએ બોસ્નિયા-હર્ઝેગોવિના સામે 1-1થી ડ્રો રમીને વર્લ્ડકપના ઇતિહાસમાં પોતાનો પ્રથમ 'પોઇન્ટ' મેળવ્યો છે.

મેચની 21મી મિનિટે બોસ્નિયાના જોવો લુકિચે કોર્નર કિક પર શાનદાર હેડર લગાવીને ગોલ કર્યો હતો અને બોસ્નિયાને 1-0થી આગળ કરી દીધું હતું. આ લુકિચનો આંતરરાષ્ટ્રીય સ્તરે પહેલો 'ગોલ' હતો. પરંતુ બીજા હાફમાં કેનેડાએ જોરદાર વાપસી કરી હતી. મેચની 76મી મિનિટે સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં આવેલા સાયલ લારિને માત્ર 2 જ મિનિટ બાદ, એટલે કે 78મી મિનિટે પ્રોમિસ ડેવિડના પાસ પર શાનદાર ગોલ કરીને સ્કોર 1-1થી બરાબર કરી દીધો હતો. કેનેડાના ફૂટબોલ ઇતિહાસમાં વર્લ્ડકપનો આ માત્ર બીજો 'ગોલ' છે. આ પહેલા કેનેડા 1986 અને ચાર વર્ષ પહેલા કતાર વર્લ્ડકપમાં પોતાની બધી મેચ હારી ગયું હતું. હવે આ ગ્રુપમાં કેનેડા અને બોસ્નિયા બંનેની આગામી મેચો 18 જૂને અનુક્રમે કતાર અને સ્વિટ્ઝર્લેન્ડ સામે રમાશે.





Surat SMART CITY
SWACHH SURVEKSHAN 2025-26




સુરત મહાનગરપાલિકા
જાહેર નિમંત્રણ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની પ્રજા સુધી
સરકારની જનકલ્યાણકારી યોજનાઓની
માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે અને તે યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ
વિકસિત ભારત@૨૦૪૭નાં લક્ષ્યને સિધ્ધ કરવા માટે વિકસિત ગુજરાત@૨૦૪૭નું ધ્યેય સાકાર કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રમુખ યોજનાઓનો સમાવેશ કરી

સુરત મહાનગરપાલિકા દ્વારા "જનકલ્યાણ શિબિર" (શહેરી)નું આયોજન
તા.૧૪/૦૬/૨૦૨૬ વેસ્ટ ઝોન (રાંદેર)ખાતે, તા.૧૫/૦૬/૨૦૨૬ પૂર્વ ઝોન (વરાછા)ખાતે અને
તા.૧૭/૦૬/૨૦૨૬ સાઉથ ઝોન-એ (ઉધના) ખાતે કરવામાં આવેલ છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા જાહેર જનતાને સ્નેહભર્યું નિમંત્રણ છે.

ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી સી. આર. પાટીલ
માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય, ભારત

પ્રેરક ઉપસ્થિતિ
શ્રી હર્ષ સંઘવી
માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ
શ્રી કનુભાઈ દેસાઈ
માન. મંત્રી, નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત
શ્રી પૂર્ણેશ મોદી
માન. ઉપાધ્યક્ષ, ગુજરાત વિધાનસભા
શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા
માન. રાજ્યકક્ષા મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ (સ્વતંત્ર હવાલો), પ્રોટોકોલ, ગુજરાત

પ્રમુખ
શ્રીમતી માયાબેન માવાણી
માન. મેયર

મુખ્ય મહેમાન
શ્રી મુકેશભાઈ દલાલ – માન. સંસદસભ્ય
શ્રી પરભુભાઈ વસાવા – માન. સંસદસભ્ય
શ્રી ગોવિંદભાઈ ધોળકિયા – માન. સંસદસભ્ય, રાજ્યસભા

અતિથિ વિશેષ
શ્રી કિશોર કાનાણી (કુમાર) – માન. ધારાસભ્ય
શ્રીમતી સંગીતાબેન પાટીલ – માન. ધારાસભ્ય
શ્રી અરવિંદ રાણા – માન. ધારાસભ્ય
શ્રી મુકેશભાઈ પટેલ – માન. ધારાસભ્ય
શ્રી કાંતીભાઈ બલર – માન. ધારાસભ્ય
શ્રી સંદિપ દેસાઈ – માન. ધારાસભ્ય
શ્રી વિનોદભાઈ મોરડીયા – માન. ધારાસભ્ય
શ્રી પ્રવિણભાઈ ઘોઘારી – માન. ધારાસભ્ય
શ્રી મનુભાઈ પટેલ – માન. ધારાસભ્ય
શ્રી સુધાકર ચૌધરી – માન. ડે. મેયર
શ્રી રાજન પટેલ – માન. અધ્યક્ષ, સ્થાયી સમિતિ
શ્રીમતી અલ્પાબેન મહેતા – માન. નેતા, શાસક પક્ષ
શ્રીમતી ઉર્મિલા ત્રિપાઠી – માન. દંડક, શાસક પક્ષ

જનકલ્યાણ શિબિર (શહેરી)નું નીચે મુજબ સ્થળોની વિગતો છે.

| અ.નં. | તારીખ | સમય | કાર્યક્રમનું સ્થળ | સમાવિષ્ટ ઝોન વિસ્તાર |
|---|---|---|---|---|
| ૧ | ૧૪/૦૬/૨૦૨૬ | સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૦૫.૦૦ કલાક | વેસ્ટ ઝોન (રાંદેર), નવયુગ કોલેજ, રાંદેર, સુરત. | વેસ્ટ ઝોન (રાંદેર), સેન્ટ્રલ ઝોન, સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) |
| ૨ | ૧૫/૦૬/૨૦૨૬ | સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૦૫.૦૦ કલાક | પૂર્વ (વરાછા) ઝોન, સરદાર પટેલ સ્મૃતિ ભવન ઝવેરચંદ મેઘાણી ગાર્ડનની સામે, મીની બજાર, વરાછા રોડ, સુરત. | પૂર્વ (વરાછા) ઝોન, નવો પૂર્વ (સરથાણા) ઝોન, નોર્થ ઝોન (કતારગામ) |
| ૩ | ૧૭/૦૬/૨૦૨૬ | સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૦૫.૦૦ કલાક | સાઉથ ઝોન (ઉધના-એ) હરીનગર-૩ કોમ્યુનિટી હોલ, હરીનગર-૩ સોસાયટી પાસે, સપ્તશૃંગી માતાના મંદિર પાસે, ઉધના, સુરત. | સાઉથ ઝોન (ઉધના-એ), સાઉથ ઝોન-બી (કનકપુર), સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) |

નં.પી.આર.ઓ./૭૨/૨૦૨૬-૨૭
તા.૧૩-૦૬-૨૦૨૬

સુરત મહાનગરપાલિકાને હંમેશાં સાથે રાખો
સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ

એમ. નાગરાજન, IAS
કમિશનર
સુરત મહાનગરપાલિકા